**ફોજદારી કેસ નં. ૧૫૨/૨૦૨૫**

**–:: આંક– ૧ નીચે હુકમ ::–**

(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણ લીધુ. આ કામે આરોપીને નોન બેલેબલ વોરંટ કાઢતા આરોપી હાજર રહેલ નહી અને જામીનદાર હાજર થતા જામીનદારે જામીનગીરી ના રકમ કોર્ટ મા જમા કરાવી દીધેલ. સાથે સાથે આ કામે ફરીયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરીયાદી પુરસીસ થી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરૂધ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે. અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર આંક–૩ વાળી પુરસીસ તેઓને વાંચી, સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ–મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકીકત આ કોર્ટે નિર્ણય કરવાનો છે કે , આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરૂધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧. વાય.બી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરેલા ૨૦૦૮ ક્રિ.લો.જ.–૯૨૮.

૨. યુસુદાસ અને બીજા વિ. સબ–ઈન્સ્પેકટર ઓફ પોલીસ, કલ્લાસમેસરી અને બીજા, ક્રિ.લો.જ.–૧૨૯૦

(૩) સદર ઓથોરીટીમાં નામ.કેરેલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધંતો પ્રસ્થાપીત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કો.કલમ–૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે અને તે દવીપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કો.કલમ–૩૨૦(૧) તથા ૩૨૦ (૨) મુજબ કોમ્પોઝીશનના

નામે અરજી સદર કલમના કોઠટાની કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી / ભોગબનનાર તથા આરોપીની સં યુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહીં.

(ડી) ક્રિ. પ્રો. કોડ કલમ–૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ઘ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

(ઈ) ક્રિ. પ્રો. કોડ કલમ–૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુન્હાનું સં જ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિઘ્ધાંત ઘ્યાને લીધ. સદર સિઘ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વિકારવાને પાત્ર છે. તેમજ ફરીયાદની હકીકતને ઘ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવેતો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકશાન થતુ હોય તેમ જણાતું નથી. વઘુમાં આરોપીને હાજર રાખ્યા બાદજ સમાઘાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવેતો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી. અને ફરીયાદી / ભોગબનનારે સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે. તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ઘ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે. અને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: હુ ક મ ::

૧. આરોપી વીજયભાઇ ઉર્ફે સલીમ ઉર્ફે ચામડી સવજીભાઇ ઠાકોર રહે ધોળકા અમૃતગંગા પાણીની ફેકટરી સામે તા ધોળકા જી અમદાવાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦(૧) (૨) (૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કોડ કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હાના તહોમત માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદામાલ નો નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલતમા તા.૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

પેટલાદ
તા. ૧૪/૦૩/૨૦૨૬

( એ.જે.વાસુ)
બીજા એડી.ચીફ જ્યુડી.મેજી.,
પેટલાદ
જીજે૦૧૩૯૭